2/-

શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન

# ખબર પત્રિકા

પાના ૧૬

સૂર્યોદય - ૦૬.૪૭.૦૭
સંવત - ૨૦૭૮
કારતક સુદ - ૧૨, સોમવાર
તા. ૧૫-૧૧-૨૦૨૧
સૂર્યાસ્ત - ૦૫.૫૯.૧૯

વર્ષ-૩ ● અંક -૩૧ ● સળંગ અંક - ૧૦૪૧ | ૨૨૬/૨૩૨, નરશી નાથા સ્ટ્રીટ, ભાતબજાર, મુંબઈ-૯. ફોન : ૨૩૪૬૮૫૨૮ | ફક્ત મેમ્બરો માટે

દરેક મરણ ખબરમાં લૌકિક વ્યવહાર બંધ છે. | 'સંપર્કનો સેતુ, સંઘ ભાવના એ જ હેતુ' | www.kutchipatrika.org



**રામાણીયા** હાલે અમદાવાદના શ્રી કલ્યાણજી રવજી રાંભીયા. ઉ.વ. ૬૭, તા. ૧૨-૧૧-૨૧ના ટુંકી માંદગીથી અવસાન પામેલ છે. રાણબાઈ દેવરાજના પૌત્ર. લક્ષ્મીબેન રવજીના પુત્ર. રંજનબેનના પતિ. પારસ, ધવલ, બીજલના પિતા. હેતલ, વૃતિકા, ભુજપુર દિલીપ અજીતના સસરા. કેનિત, દીયા, વિઆનાના દાદા. પ્રથમના નાના. શાંતિલાલ, કિશોર, મહેન્દ્રના ભાઈ. સરલા (દમયંતી)ના દિયર. પુનમ, જક્ષાના જેઠ. પાનબાઈ ચાંપશી, તુંબડી પાનબાઈ વેલજીના ભત્રીજા. સુજલ પવન, શ્વેતા હાર્દિકના કાકાઈ સસરા. નીતા, શૈલી, ઈશા ભાવેશ, હેતલ ઉમેશ, રીયાના કાકા. કાંડાગરા જેવુમા મોમાયા ચાંપશીના દોહિત્ર. વેજબાઈ ઉમરશીના ભાણેજ. ગોધરા ખીમઈબાઈ નાગજી છેડાના જમાઈ. દેવચંદ, લક્ષ્મીચંદ, શાંતિલાલ, સંધ્યાના બનેવી. કુસુમ, લક્ષ્મીના નણંદોઈ. ભુજપુર વ્રજલાલ વીરજીના સાઢુ. ગોધરા ખેતબાઈ મેઘજી, પાનબાઈ પુનશી, વેજબાઈ માંઈયાના ભ.વર. લાયજા ગાંગબાઈ પુનશીના દો.વર. રતનબેન વેલજી, ગોધરા પુરબાઈ મણશીના ભા.વર. ભુજપુર અમૃતબેન અજીત, મોટા આસંબીયા ભાવનાબેન નરેશ, ભુજપુર હંસાબેન પંકજના વેવાઈ. **પ્રાર્થના રાખેલ નથી.** નિ. કલ્યાણજી રાંભીયા. ૨૫, ફ્રેન્ડઝ સોસાયટી, જવાહરચોક, સાબરમતી, અમદાવાદ, ૩૮૦૦૦૫. રંજન - ૯૬૨૪૨૫૮૫૫૮.

4/1/1 --------- (1-1)



**કોડાય**ના ઝવેરબેન ખીમજી (રાજા) સાવલા ઉ.વ. ૮૪, તા. ૧૩-૧૧-૨૧ના માંદગીથી દેહ પરીવર્તન કરેલ છે. માતુશ્રી લક્ષ્મીબેન ખીમજી રણશી સાવલાના પુત્રી. હેમચંદ, શાંતિલાલ, રવિલાલ, સુંદરબેન ડુંગરશી, પુષ્પાબેન સુંદરજી, નાંગલપુરના સાકરબેન ખીમજી, રાયણના કેસરબેન વશનજીના બેન. જેઠીબેન રવજીના ભત્રીજી. મંજુલા, કસ્તુરબેન, હેમાબેનના નણંદ. નાના આસંબીયાના ડેમીબેન લાલજી દેવજીના દોહીત્રી. હીના કમલેશ, રામાણીયાના બિના શરદ, બાડાના રશ્મિ (રીના) ગજેશના ફોઈ. દેવ, વિનીલ, જીનલ, ખુશ્બુ, મહેક, પહેલ, વિહરીકાના ફુઈમા. નાના આસંબીયાના રસિકબેન મણીલાલ, વિમળાબેન લક્ષ્મીચંદ, અંજનાબેન ભાઈલાલ, કલ્પનાબેન ચાંપશી, ગામ : દેશલપુરના નિર્મળા જેઠાલાલ, ગામ : તલવાણાના ઝવેરબેન દામજી, ગામ તુંબડીના વેજબાઈ ચંદુભાઈના મામાઈ બેન. **પ્રાર્થના રાખેલ નથી.** ફોન આવકાર્ય. એડ્રેસ : રવિલાલ ખીમજી શાહ, ૧૦૬, વાલકેશ્વર રોડ, કાપડીયા બીલ્ડીંગ, મુંબઈ-૪૦૦૦૦૬. ફોન : હેમાબેન-૯૩૨૬૩૪૦૦૬૩, કમલેશ-૯૮૧૯૨૯૪૧૮૪.

4/1/1 --------- (1-2)

**।। નેત્રદાન માટે મૃત્યુબાદ તુંરત સંપર્ક કરો ।।**
**નવનીત હાઈટેક હોસ્પીટલ દહીંસર-૯૮૨૧૮૧૬૦૦૨,૯૮૩૩૯૩૧૧૫૧**

## સંસ્થાકીય મિટીંગ

### શ્રી ક.વિ.ઓ. અચલગચ્છ જૈન સંઘ-ભાંડુપ

શ્રી ક.વિ.ઓ. જૈન સંઘ (ભાંડુપ)ના સભ્ય ભાઈઓ અને બહનોની સ્પેશીયલ જનરલ સભા તા. ૨૮-૧૧-૨૧, રવિવારે સવારના ૯.૩૦ વાગ્યે શ્રી સંઘના વિવિધલક્ષી હોલમાં નીચે જણાવેલ એજન્ડા પર ચર્ચા વિચારણા કરવા મળશે. કોરમના અભાવે મુલત્વી રહેલ સભા અડધા કલાક બાદ તે જ સ્થળે મળશે અને તેમાં થયેલ કાર્યવાહી બંધારણીય (કાયદેસર) ગણાશે.

● એજન્ડા :
● (૧) ગત મીનીટસનું વાંચન અને બહાલી.
● (૨) શ્રી સંઘના નવા બંધારણ પ્રમાણે ત્રણને બદલે પાંચ ટ્રસ્ટીઓના સુચન અને આપણાં ટ્રસ્ટી અને કારોબારી સભ્યોની મુદત જે એપ્રીલથી શરૂ થાય છે. તે જાન્યુઆરીથી શરૂ કરવાની દરખાસ્ત અને ટ્રસ્ટી અને કારોબારી સભ્યો બંનેની મુદત ત્રણ વર્ષની રાખવાની દરખાસ્તને બહાલી આપવી અને એ પ્રમાણે ચુંટણીની વ્યવસ્થા કરવી.
● (૩) આપણાં શ્રી સંઘના નવા શિખરબધ્ધ જિનાલય વિશે અગત્યની ચર્ચા-વિચારણા કરી ઘટતું કરવું.
● (૪) આવેલ પત્રોનું વાંચન.
● (૫) પ્રમુખશ્રીની મંજુરીથી રજુ થાય તે. કામકાજ અગત્યનું હોવાથી સર્વ સભ્યોએ હાજરી આપવા વિનંતી.
● લિ. મંત્રીઓ. શ્રી ક.વિ.ઓ.અ.જૈન સંઘ (ભાંડુપ).

4/1/1(13) --------- (A-10983)(1-3)

### શેઠીયા ભાવિકો પુનમોત્સવ - ૨૦૨૧
### સવારના નવકારશીના દાતા પરીવાર, આભાર

શેઠીયા નુખના કુળદેવી શાસન દેવી શ્રી ચક્રેશ્વરી માતાજી તથા શ્રી પ્રવર જખદાદાના મંદિરની ૧૬મી વર્ષગાંઠ નિમિત્તે તા. ૧૮-૧૧, ૧૯-૧૧ બે દિવસીય પુનમોત્સવ ઉજવવામાં આવશે.

● તા. ૧૮-૧૧ના સવારના નવકારશી (ચા-નાસ્તો) ના લાભાર્થી દાતા પરીવાર : માતુશ્રી નાનબાઈ શામજી શેઠીયા (ગામ : પ્રતાપુર-ભુજપુર) પરીવાર.
● તા. ૧૯-૧૧ના સવારના નવકારશી (ચા-નાસ્તા)ના લાભાર્થી દાતા પરીવાર : શ્રી દામજી પુનશી શેઠીયા (ગામ : વડાલા) પરીવાર. બને દાતા પરીવારની અનુમોદના આભાર.
● બને દિવસ બપોરના સાધર્મિક ભક્તિ અને સાંજના ચોવિહર, જમણના દાતા પરીવાર આવકાર્ય. આવો મહાન લાભ લેવાનું રખે ચુક્તા.
● તા. ૧૮-૧૧ના સવારના ૮.૩૦ વાગે ચીર જુહાર થશે અને તા. ૧૯-૧૧ના બપોરના ૨.૩૦ સમુહ જુહાર થશે.
● સંપર્ક : રમણ શેઠીયા-૯૩૭૨૯૭૧૩૯૭, ૯૮૧૯૭૨૩૬૬૩. લિ. શ્રી ક.વિ.ઓ. શેઠીયા ભાવિક મંડળ-ટ્રસ્ટીઓ.

4/1/1(14) --------- (A-10972)(1-4)

## શ્રી ક.વિ.ઓ. દેરાવાસી જૈન મહાજન
## શ્રી ક.વિ.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન
## શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ

નિર્મિત

## શ્રી ક.વિ.ઓ. કેન્દ્રીય મધ્યસ્થી સમિતિ

### જીવનસાથીનો સંગાથ ટુંક સમયમાં કેમ છુટી જાય છે?

જીવનને સમૃધ્ધ બનાવવા આપણે ઘણું બધું બદલીએ છીએ દા.ત. મકાન, જીવનશૈલી, ફર્નીચર, લગભગ આપણે આપણી જાતને બદલી શકીએ છીએ અને બીજાની પરિસ્થિતી સમજવા માટે આપણે પોતાની જાતને તેની જગ્યાએ મુકીને વિચાર કરે તો પ્રશ્નો હલ થઈ જાય.... ઈંગ્લીશમાં કહેવત છે કે 'પોતાના પગ બીજાના બુટમાં પહેરવો' એથી એની તકલીફ સમજી શકીએ. યુવતીને સાસરામાં નવા બુટ અને નવા ચશ્મા જેવું હોય છે જે તરત ફાવી ન જાય. ધીરે ધીરે અનુકુળ થતા જાય છે. તેને માટે થોડો આપણે સમજીને ફાવવું પડે છે. યુવક અને યુવતીને માતા-પિતાના સહકારની જરૂર છે ચડામણીની નહીં. પિયર અને સાસરીયા વચ્ચે થોડો ફરક તો પડેજ. આપણે પહેલાનાં સબંધો છોડવાના નથી પણ વહુ તરીકેનો નવો સંબંધ બાંધવાનો છે.

બંન્ને પક્ષે સમજણપુર્વક સજાગતા અને પરિવર્તન લાવવું જરૂરી છે. દોરીમાં ગાંઠ પડે તો કાપી નહીં નાખતા, ગાંઠ ખોલવાનો પ્રયાસ કરવો જોઈએ.

જો આવું જ કંઈક તમારા ઘરમાં થયું હોય અને મુંજવતા પ્રશ્નો ઉભા થયા હોય તો બહુ જ મોડું ન કરતાં સંપર્ક કરો સમાજના હિતાર્થે બનેલી '**શ્રી ક.વિ.ઓ. કેન્દ્રિય મધ્યસ્થી સમિતિ**'નો, જેથી તમારા પ્રશ્નોનું સારી રીતે નિરાકરણ થાય.

ફોર્મ ઉપરોક્ત ત્રણે સંસ્થાના કાર્યાલયમાં ઉપલબ્ધ છે.
આ સંસ્થા સમાધાન માટે નિઃશુલ્ક સેવા આપે છે. એની નોંધ લેવા વિનંતી.

લિ. માનદ્ મંત્રીઓ

**શ્રી જીતેન્દ્ર ખીમજી ગોગરી ● ડો. હસુમતી ડો. ધીરજ છેડા**

વધુ વિગત માટે સંપર્ક : રેખાબેન ગડા - ૮૮૨૦૧૨૭૭૩૩

**શ્રી ક.વિ.ઓ. કેન્દ્રીય મધ્યસ્થી સમિતિ**

### શ્રી ઘાટકોપર આઠ કોટી નાની પક્ષ જૈન સંઘ
### કાર્તિક પુર્ણીમા પાંખીયો ચોમાસીયો પ્રતિક્રમણ

તા. ૧૮-૧૧-૨૧, ગુરૂવાર કાર્તિક પુનમ (લોકાસા જયંતી) ચાતુર્માસ સમાપ્તિના રોજ સાંજના ૪.૩૦ કલાકે પાંખીયો પ્રતિક્રમણ અને ૫.૪૫ કલાકે ચોમાસીયો પ્રતિક્રમણનું આયોજન કરવામાં આવેલ છે.

● શ્રાવક ભાઈઓ શ્રાવિકા બહેનો તથા યંગસ્ટરોએ બહોળી સંખ્યામાં હાજર રહી લાભ લેવા નમ્ર વિનંતી.
● સ્થળ : શ્રમણી વિદ્યાપીઠ (માતુશ્રી હીરબાઈ દેવશી શ્રાવિકા શાળા, હીંગવાલા લેન, ૬૦ ફીટ રોડ કોર્નર, ઘાટકોપર-ઈસ્ટ)
● પત્રિકા સૌજન્ય દાતા : માતુશ્રી જયાબેન મોહનલાલ દેવશી શાહ સમસ્ત પરીવાર. ગામ : અંજાર-ઘાટકોપર.
● લિ. રાજેશ છેડા, હેમંત સતરા-૯૮૨૦૬૮૩૮૨૫, ધીરેન્દ્ર શાહ, દક્ષા પોલડીયા, વિનલ ગંગર.

4/1/1(7) --------- (A-10947)(1-5)

## શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ

૨૩૭૧૪૫૭૪-૨૩૭૭૩૦૩૨
www.kvoss.org

### તા. ૧૫ નવેમ્બરનાં - 'શુભેચ્છક દાતા'

સ્વ. રણશી કુંવરજી નાગડા (ગઢશીશા)નાં નિર્વાણ દિન નિમિત્તે તેમના પરીવારજનો તરફથી હ. દિપ્તી.

● સ્વ. શ્રી શામજી પાસુ દેઢીયા (લુણી)ની પુણ્યતિથિ નિમિત્તે પરીવારજનો તરફથી મળેલ અનુદાન બદલ શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ એમનો હાર્દિક આભાર માને છે. જન્મ, લગ્ન કે પુણ્યતિથિ કોઈ પણ પ્રસંગને યાદગાર બનાવવા રૂા. ૧૧૦૦૦/- (એક સાથે-એક જ વખત) ૧૫ વર્ષીય યોજનામાં જોડાઈને આયકર કલમમાં રાહત મેળવો. લિ. મંત્રીઓ.

4/1/1(4) --------- (A-10742)(1-6)

### મરણ ખબર જાહેરાતમાં સુધારો

તા. ૧૪-૧૧-૨૦૨૧ની રવિવારની ખબર પત્રિકામાં ગામ : નાગલપુર હાલે મુન્દ્રા (૧-૧) મરણ ખબરમાં સ્વ. જ્યોતિબેન અને ગામ : ભુજપુરના રૂપલબેન કિશોર હાલે રાયપુરવાળાના નણંદ. એમ સુધારીને વાંચવું. ભુલચુક બદલ ગંગર પરીવાર તરફથી ક્ષમાયાચના. લિ. કુટુંબીજનો.

4/1/1(15) --------- (A-10971)(1-7)

### શ્રી સાંતાક્રુઝ અચલગચ્છ જૈન સંઘ (વેસ્ટ)

ગુરૂદેવોનો વિહાર...શ્રી સંઘના આંખે છે અશ્રુધાર, પધારજો ગુરૂદેવ ફરીવાર...અમારા છો આપ જ્ઞાન દાતાર.

● શ્રી ગુરૂ ગુણ-ગુણોદયસૂરીજીના અદશ્ય આશીષે... વર્તમાન અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભ સાગરસૂરીશ્વરજી મ.સા.ની આજ્ઞાએ...સં. ૨૦૭૭ની સાલે ચાતુર્માસ પધારનારા...શ્રી પદમ રૂપ જગત નિરંજન પરિવારનાં અણમોલ સંયમી પ્રવર્તિની પૂ. અરૂણોદયશ્રીજી મ.સા.ના આજીવન અંતેવાસી પૂ. સદગુણાશ્રીજી મ.સા.ના શિ. પૂ. હિરણ્યગુણાશ્રીજી મ.સા., પૂ. યશોગુણાશ્રીજી મ.સા., પૂ. ભાવગુણાશ્રીજી મ.સા. ઠાણા ૬ યશસ્વીને યાદગાર ચાતુર્માસમાં પારીવારીક ૬ શિબિરો...૭-૫ દિવસીય એવમ્ રવિવારીય બાલ સંસ્કરણ શિબિરો...૪-૪ ગુરૂસ્મૃતિ મહા મહોત્સવો...પ્રવચનોની હારમાળા... માસ ક્ષમણથી અઠાઇ સુધી...કોટી શિલાતપ ૫૦ સળંગ છુટા આયંબીલ તપ..બ્રહ્મચર્ય પાલન અભિયાન આદિ વિશિષ્ટ અભિયાનો...અને શિખર પર કળશ ચડે તેમ શ્રી સંઘ દ્વારા પુજ્યશ્રીના સંયમ સુવર્ણ વર્ષનું અનુમોદન કાર્યક્રમ (તા. ૧૩-૧૧) ચાર ચાર મુમુક્ષુઓનાં ધવલ વસ્ત્રો પર કેસર છાંટણાનો સંગીત સહ કાર્યક્રમ સંઘભક્તિ આદિથી દેદિપ્યમાન બની રહ્યું. બસ હવે પૂજ્યશ્રીઓ ચાતુર્માસ પુર્ણ કરી કા.વદ ૨, તા. ૨૦-૧૧-૨૧ની સવારે ૬.૩૦ વાગે સાંતાક્રુઝ (ઇસ્ટ) કલીકુંડ તીર્થે પધારશે તો પુજ્યશ્રીના પ્રથમ વિહાર જે ભાગ્યશાળીઓને પુજ્યશ્રી સાથે પગપાળા જવા ભાવના હોય તેમણે પોતાના નામો તા. ૧૭ સુધી ઓફિસમાં લખાવવા વિનંતી. નોંધ : પૂજ્યશ્રી કલીકુંડ પધારી પ્રાસંગીક પ્રવચન...નવકારશી આદિનો લાભ આપી આગળ પધારશે ને તા. ૨૧ની સવારે ગોરેગામ પ્રવેશ કરશે. લિ. ટ્રસ્ટીઓ. સૌજન્ય : હેતલબેન શેઠીયા (વડાલા) FENJINA SHIRTS.

4/1/1(6) -------- (A-10889)(2-1)

### શ્રી સાંતાક્રુઝ અચલગચ્છ જૈન સંઘ (વેસ્ટ)
### ચાલો કરીએ પાલીતાણની યાત્રા

કારતક સુદ ૧૫, તા. ૧૮-૧૧ની સવારે ૯.૧૫ વાગે દ્રાવીડ-વારિખિલ્લની મોક્ષ ગમનની આત્મકથા રૂપ પ્રવચન...ચાતુર્માસની અલપ ઝલપ...બાદમાં શત્રુંજય પટ્ટ સમક્ષ પૂજ્યશ્રીની સાથે ૧૦૮ ખમસમણા-કાઉસગ્ગ...દેવવંદન આદિ...અને ત્યાર પછી ભાથાની પ્રભાવના ૫ પરીવારો તરફથી. લિ. ટ્રસ્ટીઓ. સૌ. હેતલબેન શેઠીયા (વડાલા) FENJINA SHIRTS.

4/1/1(4) -------- (A-10888)(2-2)

# શ્રી ક.વી.ઓ. દેરાવાસી જૈન મહાજન

## વાંચો.... વિચારો... પામો

## અદ્ભુત અણમોલ આધ્યાત્મિક પ્રસાદી

**ખરેખર, વાયદો કરી મન આત્માને છેતરી જાય છે...**વેળા વીતી ગયે કાંઈ નથી બનતું. કમાણીનો ખરેખરો અવસર ઘડી-બે ઘડીનો જ હોય છે. થોડી ઘડીનો એ અવસર દિર્ઘકાળના અન્ય પુરુષાર્થ કરતા પણ વિશેષ ફળદાયી હોય છે.

વૃત્તિઓના ઉત્થાન વેળા મનને મચક આપવા જેવી નથી, - જો પાછળથી પસ્તાવું ન હોય, ખરૂં પૂછો તો વૃત્તિઓનો અભ્યાસ કરવાનો એજ શ્રેષ્ઠ સમય છે. વૃત્તિઓ આખર શું છે - એના મૂળમાં શું છેઃ શેની મૂળ માંગ છે - ઈત્યાદિ સંશોધવાનો એ અવસર છે.

કોઈપણ વૃત્તિના મૂળમાં અનાદિનો તથા-પ્રકારનો પડેલ સંસ્કાર કામ કરતો હોય છે. ચેતના ઉપર પડેલા ગાઢ સંસ્કાર સંમોહનનું કામ કરે છે - જીવ એના વેગમાં અંજાઈ જાય છે, અને જોવાની સાચી દ્રષ્ટિ ગુમાવી, પૂર્વનિબધ્ધ ગલત ધારણાને જ અનુસરી રહે છે.

**વૃત્તિના આવેગ ખાળવા...**ઘણા કાળની સુવિચારણાઓના પ્રતાપે નિષ્પન્ન થયેલો સુવિવેક - **પ્રગાઢ સુવિવેક કામ આવે છે.** ચેતનામાં સંચિત થએલો 'પ્રદઢ-વિવેક' મોહના **વળતા પાણી કરી, આત્માને ક્રમે ક્રમે વધુ ને વધુ 'વૃત્તિ' વિજય** કરાવે છે.

વીતરાગના માર્ગે...વીતરાગતાની વૃદ્ધિના પથમાં...હરદમ આગેકૂચ કરતા સાધકને પૂર્ણ નિર્દોષ થવાની લગન લાગી હોઈ,ભીતરતમની કુવૃત્તિઓને જીતવાની એને લગની જામી રહે છે. **દિન રાત વૃત્તિવિજય સાધવો એ જ એની ધૂન બની જાય છે.**

**ઠરવું...ઠરવું...ખૂબ ખૂબ ઠરવું...સ્વભાવમાં અત્યન્ત ઠરી જવું...**ઠરેલા જ રહેવું એ વૃત્તિઓનું ઉત્થાન જ ન થાય એવો ઉપાય છે - એથી આત્મવૃત્તિ થવી આસાન થઈ જાય છે -કાળાંતરે ઘણી ઘણી નિર્જરા થઈ, વૃત્તિઓ સહેજે જાતાઈ એવી થઈ જાય છે.

**વૃત્તિ વિજયના અભિયાનમાં -સંગ્રામમાં - ઠરેલ ચિત્તનું કામ છે.** ખોટી ઉત્તેજનાઓ તમામ શમી ગઈ હોય એવે વખતે પણ વૃત્તિઓને સમજવા -સંશધવા અનુકૂળતા રહે છે. ધીરપુરૂષનું આ કામ છે. ચિત્ત જેટલું વધુ ઠરેલું એટલું કામ બહેતર બને છે.

વૃત્તિઓના વેગોના ઉત્થાન કાળે ખામોશ રહી-**સંયમપૂર્વક વૃત્તિઓને સમજવા - સંશોધવા ગહન ખંતથી લાગ્યા રહેવું** એ ખરેખરા સત્વશીલ પુરૂષનું કામ છે. ગમે તે સમયે પણ અંતર્મુખ થઈ શકવાની એમની ગુંજાશ હોય છે.

**વૃત્તિઓના વેગીલા પ્રવાહમાં તણાવું કે ન તણાવું એનો નિર્ણય જીવે અંતરાત્માથી કરવાનો છે.** મનથી નહીં. મન તો વૃત્તિમાં રાચવા જ રાજી છે. વૃત્તિના વેગને ખાળવા ઘણું સંકલ્પ બળ જોઈએ-તો જ ઉત્થાન વેળાએ વૃત્તિ સામે જંગ ખેલી શકાય છે.

અનુભવી પુરુષો કહે છે કે જો તમારૂં સંકલ્પબળ ક્ષીણ થઈ ગયું હોય તો સાવ નાના નાના ગાળાના સંકલ્પો કરતાં રહી, પછી થોડો થોડો ગાળો વધારતા રહેવું. સંકલ્પબળ સુદઢ થયા વિના વૃત્તિ-પ્રવૃત્તિ પર નોંધપાત્ર અંકુશ નહીં મૂકી શકાય.

વૃત્તિઓને સંયમિત કરવા સંકલ્પબળ જેટલું બને તેટલું વધુ ખીલવવાની તાતી જરૂર છે. **સંકલ્પ ભલે નાનો કરીએ-પણ એને પ્રાણના ભોગે પણ નિભાવવાની નેકદિલી અને ઝિંદાદિલી જોઈએ.** એ માટે ખંત અને ખેવનાપૂર્વક વિવેક પ્રદીપ્ત પણ કરવો ઘટે છે.

જીવ શુભ સંકલ્પપૂર્વક થોડા થોડા કાળનો સંયમનો અભ્યાસ સાધે અને એમ સંયમનો આસ્વાદ માણતા થકા, સંકલ્પકાળમાં ધીમે ધીમે વધારો કરતો રહે, તો એનામાં આત્મશ્રદ્ધાનો ઉદય થાય છે કે હું વૃત્તિઓના તોફાનોને જરૂર કાળાનુક્રમે પરિપૂર્ણ નાથી શકીશ.

જ્ઞાની પુરૂષોએ બતાવેલા સુસ્પષ્ટ રાહે આત્મોન્નતિ સાધવાના બદલે મનસ્વીપણે જે જુદી જ કેડી કંડારવા જાય છે, તે બહુધા મંઝીલે પહોંચી શકતા નથી - અટવાઈ જાય છે. અને તેમ છતાં પોતાનો પૂર્વગ્રહ કે અહંકાર ત્યજી; જ્ઞાનીને અનુસરી શકતા નથી.

માણસ મદમાં ને મદમાં વર્ત્યો જાય અને જ્યારે પાછો પડે - પછડાટ ખાય ત્યારે પણ પોતાનો દોષ જોવાના બદલે કાં નિયતિનો દોષ કાઢે, કાં કર્મનો દોષ કાઢે - પણ પોતે તો નિર્દોષ જ હોય એમ જાતને બચાવવા લાખ બહાના કરે છે. **કેવી અસીમ આત્મવંચના છે આ ?**

**સં.પ.પૂ.આ. શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**

લિ.મંત્રીઓ

K.V.O. - AP - 8104209392

### શ્રી સાંતાક્રુઝ અચલગચ્છ જૈન સંઘ (વેસ્ટ)

પૂ. પુન્યોદયશ્રીજી મ.સા.નાં સંયમ સુવાસિત જીવનની અનુમોદના ચાલો આપણે સૌ કરીએ ગુણાનુમોદના. જેમનાં હૈયે શાસનનો રંગ હતો...ગચ્છનો ગૌરવ હતો સન્માર્ગ દાનની સરગમ હતી..પ્રવચન પ્રેમનો પડઘમ હતો એવા શ્રમણીગણ મુખ્યા પૂ. નિરંજનાશ્રીજી મ.સા.ના શિષ્યા શાસન પ્રભાવિકા પૂ. પુન્યોદયશ્રીજી મ.સા.ની ૨૧મી પુણ્યતિથિના અવસરે...શ્રી સંઘના ઉપક્રમે ચાતુર્માસ બિરાજીત પુજ્યોની નિશ્રામાં કા.સુદ ૧૩, તા. ૧૬-૧૧-૨૧ની સવારે ૯.૩૦ વાગે 'જિનભક્તિ અનુષ્ઠાન' ગુણાનુવાદની ગરિમાએ ઉજવાશે...તો શ્રી સકળ સંઘે સમયસર પધારવા વિનંતી. યોગનિષ્ઠા ભુજપુર રત્ના પૂ. ગુણોદયશ્રીજી મ.સા.ની ૪૫મી પુણ્યતિથિ 'શ્રમણધર્મ સંવેદના' ના ભાવે અને ગુણાનુમોદનના નાદે ઉજવાઈ. વંદન હો ગુણગરિમા ધારક પુજ્યશ્રીઓને. લિ. ટ્રસ્ટીઓ. સૌજન્ય : હેતલબેન શેઠીયા (વડાલા) FENJINA SHIRTS.

4/1/1(5) -------- (A-10887)(2-3)

### શ્રી મલાડ આઠ કોટી નાની પક્ષ સ્થા. જૈન સંઘ

જય જિનેન્દ્ર સાથે જણાવવાનું કે કારતક સુદ પૂનમ ચાતુર્માસ સમાપ્તિ ગુરૂવાર, તા. ૧૮-૧૧-૨૧ના છે. આ દિવસે આપણાં અનંત ઉપકારી શ્રી લોકાશા જયંતી પણ છે. આ દિવસે ચોમાસા દરમ્યાન લાગેલા દોષોના પ્રાયશ્ચિત રૂપે દર વર્ષની માફક આ વર્ષે પણ ઉપાશ્રયમાં બે પ્રતિક્રમણનું આયોજન કરેલ છે. (૧) પ્રથમ દેવસીયો પખીઓ પ્રતિક્રમણ સમય સાંજના ૪.૪૫ વાગ્યે (૨) બીજો ચોમાસીઓ પ્રતિક્રમણ સાંજના ૫.૫૯ વાગ્યે દરેક શ્રાવક ભાઈ, બહેનો તથા બાળકોએ બન્ને પ્રતિક્રમણમાં ટાઈમસર હાજરી આપવા વિનંતી. પત્રિકાના સૌજન્ય : (૧) શ્રીમતી નિર્મળાબેન તલકશી સતરા (લાખાપુર) (૨) માતુશ્રી મંજુલાબેન વિશનજી છેડા (રતાડીયા). લિ. સંઘપતી : ઠાકરશી પદમશી ગાલા (વડાલા).

4/1/1(18) -------- (A-10961)(2-4)

### 'ચિરાગ આર્ટસ' મીના ગાલા અમેરીક ડાયમંડ અને ગોલ્ડ ફોરમીંગ જ્વેલરીમાં બેસ્ટ

અમેરીકન ડાયમંડના પેન્ડલ બુટ્ટી સેટ, ઓપન સેટીંગના ઓન્લી પેન્ડલ, રીયલને ટક્કર મારે એવી બાલીઓ, ઓપનેબલ ડાયમંડ બેંગલ્સ, મોતી સેટસ, ડીઝાઈનર બ્રેસલેટસ, અને વીંટીઓમાં અઢળક ડીઝાઈનો.

● 24 K સોનું ચઢાવેલા ગોલ્ડ-રોડયમના મોનોપોલી જાડા ચેનો અને ફેન્સી ૩ લાઈન ના ચેનો. જે તમને અમારા સિવાય ક્યાંય નહીં મળે તેની ખાત્રી.

● ગોલ્ડ ફોરમીંગ (નીકલ ફ્રી), ગંગા-જમના મગમાળા, ચંદનહારના પેન્ડલો અને ફેન્સી પેન્ડલો, બેંગલ્સ અને ચંદનહારની આકર્ષક શ્રેણી.

● ૬૦૧, એવન્યુ, ઈરાનીવાડી રોડ નં. ૪ કોર્નર, કાંદીવલી (વે.) ફોન કરીને આવવું. ચીરાગ - 9619453802.

4/1/1(12) -------- (B-10957)(2-5)

**ખબર પત્રિકામાં પ્રસિધ્ધ થતી વ્યક્તિગત કે સામૂહિક, સંસ્થાકીય કે વ્યાવસાયિક જાહેરાતો અને નિવેદનો તેમના પોતાના હોય છે, એમાંથી ઉદ્ભવતાં પરિણામો વિશે ખબર પત્રિકા સમિતિ જવાબદાર નથી.**

### શ્રી પ્રાગપુર સ્થા. છ કોટી જૈન સંઘ

**સહર્ષ સાથે જણાવવાનું કે શ્રી સ્થા. છ કોટી જૈન લીંબડી અજરામર સંપ્રદાયના પ.પૂ.આ. શ્રી ભાવચંદ્રજી સ્વામીના આજ્ઞાનુવર્તી, બંધુ બેલડી પ.પૂ. ડો. શ્રી નિરંજન મુનિ અને પ.પૂ. શ્રી ચેતનમુનિ મ.સા. ગુંદાલાનું યશસ્વી ચાતુર્માસ પુર્ણ કરી. સોમવાર, તા. ૨૨-૧૧-૨૦૨૧ના રોજ પ્રાગપુર પધારી ત્રણ દિવસ રોકાવવાના ભાવ છે. આપણાં સંઘની પ્રણાલીકા પ્રમાણે બહોળી સંખ્યામાં શ્રાવક, શ્રાવિકાઓ તથા નિયાણી બહેનો પ્રાગપુર પધારી આ અમુલ્ય લાભ લેવા વિનંતી. લિ. ટ્રસ્ટીઓ.**

2/1/1(1) --------- **(A-10955)(4-1)**

**આંબેસરીના આંગણે અનેરો અવસર**

શ્રી પાર્શ્વચંદ્રસૂરી સદ્‌ગુરૂભ્યો નમઃ

- સંયમ જીવનના ૫૧માં વર્ષમાં પ્રવેશ અવસરે અભિવંદના...અનુમોદના...
- કચ્છ મોટી ખાખર રત્ન,મધુર વક્તા પ.પૂ. મુનિરાજ શ્રી પદમયશચંદ્રજી મ.સા. તથા શાસન દિપિકા સાધ્વીશ્રી વિપુલાનંદશ્રીજી મ.સા.ના ૫૧ માં સંયમ વર્ષ પ્રવેશ તથા પ.પૂ. ભાઈ મહારાજના ૭૨માં જન્મ દિવસના પાવન પ્રસંગે ભવ્ય અભિવાદન સમારોહ તા. ૫ ડિસેમ્બર રવિવારે દહાણું આંબેસરી તિર્થે યોજાશે. આ પ્રસંગે ચેંબુરથી આંબેસરી જવા માટે બસની વ્યવસ્થા રાખેલ છે. રૂા. ૧૦૦ ભરીને ચેંબુર ઉપાશ્રયના કાર્યાલયમાં નામ નોંધાવો. (વહેલો તે પહેલો) સંપર્ક : મનીષ છાડવા-૯૦૮૨૧૩૯૯૨૩. લિ. શ્રી પાર્શ્વચંદ્રગચ્છ જૈન સંઘ મુંબઈ. જા.ખ.સૌ. માતુશ્રી મઠાંબેન ખીમજી વોરા-મોટી ખાખર હ. વિરેન્દ્ર ખીમજી વોરા.

4/1/1(16) --------- **(A-10970)(4-2)**

**શ્રી કચ્છ ચીયાસર નગરે શ્રી આદિનાથ દાદાના જિનાલયની ધજા મહોત્સવ**

દાતા માતૃશ્રી ભાગબાઈ ધારશી ભાણજી ગોસર પરીવાર હસ્તે શ્રીમતી હેમલતાબેન નાનજી ધારશી ગોસર.

- શ્રી કચ્છ ચીયાસર નગરે...શ્રી આદિનાથ દાદાના જિનાલયની વર્ષગાંઠ નિમિત્તે ફાગણ સુદ ત્રીજ, તા. ૪ અને ૫ માર્ચ ૨૦૨૨ ના બે દિવસીય મહોત્સવ ઉજવવામાં આવશે. વિગતવાર જાહેરાત પાછળથી કરવામાં આવશે. આ પ્રસંગે ચીયાસર સમૂહમાં જવા આવવાનું આયોજન કરવામાં આવેલ છે. મુંબઈથી તા. ૩-૩-૨૦૨૨ના સયાજીમાં જવાનું અને ૫-૩-૨૨ના ચીયાસર-ભુજથી કચ્છ એક્સપ્રેસ ટ્રેન દ્વારા પાછા આવવાનું વ્યક્તિ દીઠ રૂા. ૧૪૦૦/- રાખવામાં આવેલ છે તો ચીયાસર ગામવાસીઓ અને નિયાણી પરીવારો નીચેના સ્થળે રૂા. ૧૪૦૦/- ભરી તા. ૧૮-૧૧-૨૧ સુધી નામ નોંધાવા વિનંતી. નામ નોંધાવ્યા બાદ નામ કેન્સલ થશે નહીં સંપર્ક : મેહુલ મારૂ-૯૮૨૧૮૫૭૭૩૩, નીતા મારૂ-૯૮૨૧૨૧૭૨૭૯, ૭૦૨૧૬૫૮૩૧૨. અઢાર અભિષેકમાંથી ૯ અભિષેક (અભિષેક દીઠ નકરો ૨૫૦૦ રૂા.) ૬ ધજા (રંગમંડપ-૯૦૦૦, ૩ દિશા-૭૫૦૦, યક્ષ-યક્ષિણી-૫૫૦૦ નો નકરો રાખવામાં આવેલ છે) ના લાભ માટે વહેલો તે પહેલોના ધોરણે ૪ દિવસમાં નીતા મારૂ-૯૮૨૧૨૧૭૨૭૯, ૭૦૨૧૬૫૮૩૧૨ પર સંપર્ક કરવા વિનંતી. લિ. શ્રી ચીઆસર જૈન મહાજન-મંત્રીઓ.

4/1/1(19) --------- **(A-10982)(4-3)**

**પધારો સ્વાદમાં – કોડાય પુલ ચોકડી, કચ્છ**

કચ્છના પ્રખ્યાત ગૃહ ઉદ્યોગ નિમિત્ત ફરસાણ-મીઠાઈઓ, જેમાં દેશી ઘીના ખાખરા, ગાયના દુધના કચ્છી પેંડા, ગાયનો શુધ્ધ દેશી ઘી, કચ્છી પકવાન, ભુજપુર-પત્રીના અથાણાં, ગોપાલની ચીક્કીઓ, ચંદુનો દાબેલીનો મસાલો, કોડાયના સેવ-ગાંઠીયા-પાપડી, મુખવાસમાં બીજારો-આમળા, ઓર્ગેનિક શરબતની આઈટમો. સં. મેહુલ રાંભીયા (રાયણ), સ્વાદ સ્વીટ ફરસાણ એન્ડ ડ્રાયફ્રુટ, ઈ/૫, નિશચલનગર, કોડાય પુલ ચોકડી, ૭૨ જિનાલયની બાજુમાં, કોડાય. મો. ૯૮૧૯૧૧૪૪૯૯, ૯૮૬૭૪૦૫૨૪૫.

4/1/1(6) --------- **(B-10648)(4-4)**

**'મલાડ-વેસ્ટ'**

૨ બેડરૂમ ફ્લેટ, રેડી પજેશન, એસ.વી.રોડ નડીયાદવાલા કોલોની નં.૧, હાયર ફ્લોર, ૬૫૪ ફુટ, કારપેટ ફુલ ઓક્યુપેશન સર્ટીફીકેટ સાથે, નવું કન્સ્ટ્રક્શન, માલિક ઠક્કર. મો. 9324132924.

4/1/1(5) --------- **(N-10683)(4-5)**

**ગોલ્ડ જ્વેલરી શો રૂમ માટે સ્ટાફ જોઈએ છે**

જેન્સ ૨૫ થી ૪૫ વર્ષની ઉંમરના તથા અનુભવી સેલ્સગર્લ જોઈએ છે. ઉજાલા જ્વેલર્સ, શોપ નં. ૨૬, નટરાજ માર્કેટ, મલાડ (વેસ્ટ) Mo. 8355861175. કુણાલભાઈ.

4/1/1(3) --------- **(B-10717)(4-6)**

**ગ્રેનાઈટ, કંમ્પોજીટ મારબલ, ક્વાર્ટઝ સ્ટોન ભાંડુપ-ગ્રેનાઈટ પોઈન્ટ – ભાંડુપ**

સમગ્ર કચ્છી સમાજમાં ગ્રેનાઈટ ક્ષેત્રે જુનું નામ

- AGL કાું. (એશીયન)નાં કમ્પોજીટ મારબલ અને ક્વાર્ટઝ સ્ટોનનો રેડી સ્ટોક.
- Bajo Tierra કાુંનો 20mm થીકનેસમાં ક્વાર્ટઝ સ્ટોનનાં નવા કલર
- KALINGA કાું.નો મારબલ અને ક્વાર્ટઝ સ્ટોન
- ઈન્ડીયન ગ્રેનાઈટ બ્લેક અને કલર
- ઈટાલીયન ગ્રેનાઈટ ગેંગસો સાઈઝ 20 mm થીકનેસમાં તમારી સાઈઝ પ્રમાણે કટીંગ કરીને મળશે.
- બ્લુપર્લ, લુમેરીયન પર્લ, એમરાલ્ડ પર્લ, ઓસ્ટ્રેલીયન પર્લ, ચોકલેટ પર્લ, બ્રાઉન પર્લ.
- નેનો વાઈટ G/5 કટીંગ-મોલ્ડીંગ સાથે
- વોર્ડ રોબ, કીચન કબાટના સેલ્ફ, પ્લેટફોર્મ-વીન્ડો ટ્રેક નીચે નાખવા સ્પોટેડ મારબલ 15mm - 20 mm - કટીંગ કરીને મળશે.
- સાચી સલાહ, વ્યાજબી ભાવ, પ્રમાણીકતા સાથે કટીંગ, પોલીસ, મોલ્ડીંગની સુવિધા.
- કચ્છી સમાજનાં ઈન્ટીરીયર, આર્કીટેક્ટ તથા વપરાશ કર્તાઓને એકવાર પધારવા ભાવભર્યું આમંત્રણ.
- સંપર્ક : નેમચંદ છેડા – લાયજા (ઘાટકોપર) મો.: 9821014481, જગદીશ છેડા-લાયજા (કાંદીવલી) મો.: 9821826369

2/1/1(2) --------- **(B-10924)(4-7)**

**દેશ વિદેશ કુરિયર ૨૪*૭**

Documents, Medicine, કુરિયર, ખાવાપીવાની ચીજવસ્તુઓ UK, USA, UAE, Hongkong, Australia મોકલવા અનુજ સંગોઈ (નાંગલપુર)ને ફોન / WHATS APP કરો - 8879991866. PAC N DELIVER.

2/1/1(11) --------- **(B-10950)(4-8)**

**અનુભવી સેલ્સમેન જોઈએ છે**

સાડીના શો રૂમ માટે અનુભવી સેલ્સમેન જોઈએ છે. નાગરિક ફેશન પેલેસ, એમ.જી.રોડ, ઘાટકોપર (વેસ્ટ), મું. ૮૬. મો. 9821774326.

4/1/1(1) --------- **(B-10876)(4-9)**

**ફર્નિચર વહેંચવું છે**

મોબાઈલ, સ્ટેશનરી, ડ્રાયફ્રુટ, જનરલ સ્ટોરને લાગતું ફર્નિચર વેંચવું છે. સંપર્ક : 9769001094-રમેશ.

4/1/1(17) --------- **(B-10962)(4-10)**

## જીવદયા અનુદાન

**શ્રી કચ્છ બિદડા વિ.ઓ.જૈન મહાજન સંચાલિત શ્રી બિદડા પાંજરાપોળ અને ગૌશાળા**

૫૪૦૦ રૂા. સ્વ. છાયાબેનના આત્મશ્રેયાર્થે અશ્વિનભાઈ નેમચંદ મહેતા-માધાપર નેમચંદભાઈ પ્રાગજીભાઈ પરીવાર બિદડા.

- ૫૦૦૦ શ્રીમતી વસુમતીબેન મુલચંદ શાહ (નંદુ) ની ૧લી પુણ્યતિથિ નિમિત્તે. હ. મુલચંદ માવજી શાહ-બિદડા-કાંદીવલી
- ૫૦૦૦ વિમલ નેમજી સાવલા-કોડાય (૩૦૦૦ ઘાસચારો+ ૧૦૦૦ કબુતરને ચણ + ૧૦૦૦ કુતરાને રોટલા)
- ૪૦૦૦ રૂા. ધનજી વેલજી છેડા-બિદડા-ઘેલાણી ફરીયો હ. સુરેશ, પંકજ, મનોજ છેડા, ૨૫૦૦ ચંદનબેન સુરેશ મુરજી વોરા-બિદડા, ૨૫૦૦ શ્રીમતી કસ્તુરબેન દીલીપ મુરજી વોરા-બિદડા, ૨૧૦૦ શા. હીરેન ખીમજી રવજી પોલડીયા-બિદડા, ૧૬૦૦ શ્રી પરેશ જયંતીલાલ સોની દેશલપુર-પુરશાદાદાના જુહાર પ્રસંગે, ૧૦૦૧ અજબાઈ વાઘજી સંગાર બિદડા, ૧૦૦૧ ક્રિશભ કિરણ પ્રેમજી ગાલા-ફરાદી-બેંગ્લોર, ૫૦૦ ભવાનજી દયારામ રાજગોર-બિદડા, ૫૦૦ ફાલ્ગુનીબેન મહેતા-બિદડા, ૫૦૦ રમીલા ભરત સંગાર બિદડા, ૫૦૦ દમયંતીબેન હરીલાલ સંગાર-બિદડા. નરેશ નંદુ-૯૮૯૨૦૪૦૨૬૩, વલમજી વોરા-૯૮૨૦૨૯૨૧૫૯.

4/1/1(22-P) --------- **(A-10890)(4-11)**

**શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર લુણી પાંજરાપોળ ૨૩૮૧૩૭૩૩, ૮૩૬૯૩૪૯૯૬૧**

૩૦૦૧/- આગ્રીપાડા અંબા મંડળ આગ્રીપાડા, ૩૦૦૦/- અજીત તથા ઉર્વી ડુંગરશી ટોકરશી વિકમાણી કોટડા રોહા-મુલુંડ, ૩૦૦૦/- વશનજી ટોકરશી ગાલાની સ્મૃતિમાં હ. હીના હીતેશ ગોગરી, પ્રીત ભરત છેડા, હીયા અશોક છેડા, ૨૦૦૦/- અમૃતલાલ દેવજી હરીયા શાંતાક્રુઝ, ૧૧૦૦/- સ્વ. ભાનુબેન મગનલાલ ગાલા વડાલા ડોંબીવલી, ૧૧૦૦/- હેતલ લેબ દાદર, ૧૦૦૧/- મીતા હસમુખલાલ ગાલા છસરા-અંધેરી, ૧૦૦૧/- હસમુખલાલ વેલજી ગાલા છસરા-અંધેરી, ૧૦૦૧/- રંજનબેન હસમુખલાલ ગાલા છસરા-અંધેરી, ૧૦૦૦/- તારાચંદભાઈ મણીલાલ ગાલા લાખાપુર, ૧૦૦૦/- રતનબેન રામજી શીવજી સતરા લુણી-ભાંડુપ, ૧૦૦૦/- મીનાક્ષીબેન મનહરલાલ ઘરોડ પત્રી. ટ્રસ્ટીઓ.

4/1/1(10) --------- **(A-10944)(4-12)**

**દેશી ગાયના છાણમાંથી આયુર્વેદિક ઔષધોથી નિર્મિત દેરાસર ધુપબત્તી (કેમીકલ વગર)**

ગૌશાળાના લાભાર્થે દેશી ગાયના પવિત્ર છાણમાંથી બનાવેલ ધુપબત્તી રૂા. ૫, ૧૦, ૨૫, ૩૫, ૪૦ પ્રભાવના કરવા માટે તથા ૩૦૦/- રૂા. કિલોના ભાવે દેરાસરના ઉપયોગ માટે મંગાવો. વિવિધ જાતની ધુપબત્તી, અગરબત્તી, કેમીકલ વગરની વાપરો. હાથે ઘડેલા છાણા, ડાઈમેકીંગ પેંડા તથા સાટા સાઈઝના છાણા ધુપ કરવા માટે, મચ્છર ભગાડવા માટે મચ્છર ધુપબત્તી, બે કલાક ચાલે એવી વર્ધમાન-8 ધુપબત્તી, એક જ પેકેટમાં ત્રણ ફ્લેવરવાળી 3 in 1 ધુપબત્તી, એક 250 Gr. ના ડબામાં પાંચ ફ્લેવરવાળી પંચબહાર ધુપબત્તી, ચંદન, મોગરા, ગુલાબ, નેચરલ, ગુગળ, કપુર ગુગળ અલગ અલગ ફ્લેવરવાળી ધુપબત્તી વાપરો. વિધાન કપ, કપુર ગુગળ સાંભરાતી કપ ટુ ઈન વન વાપરો. આના વેચાણથી થતો નફો જીવદયાના કાર્યોમાં વાપરવામાં આવે છે. ફ્રી હોમ ડીલીવરી વેપારી પુછપરછ આવકાર્ય સંપર્ક : ૨૩૮૧૩૭૩૩, ૮૩૬૯૩૪૯૯૬૧, ૯૭૬૯૬૦૧૧૯૯, ૮૩૫૫૯૩૩૮૦૮. લિ. શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર લુણી પાંજરાપોળ. લિ. ટ્રસ્ટીઓ.

4/1/1(9) --------- **(A-10945)(4-13)**

Vinesh Mamania
98202 88265
Hardik
98203 58186
Harshal
98205 18536
II VANDE GAU MATRAM II
Veneer - Wood - Mica
VPLY
Plywood
Veneer
B.T.C Wood
Laminate
Discount upto
55%
All over India
Home Delivery
SATISFACTION 100% GUARANTEE
VPLY Centre
7 / 8 Diamond Mansion, G.K.Marg,
Worli, Mumbai - 400 018.
Tel: 2493 4352, 2492 6942,
99202 65047
Email : vplyveneer@gmail.com
(CLC-10708)

કચ્છ : રામાણીયા

પ્રભુ સમીપે

હાલે : અમદાવાદ



# શ્રી કલ્યાણજી રવજી દેવરાજ રાંભીયા

જીવનયાત્રા : તા.૨૦-૮-૧૯૫૪ થી તા.૧૨-૧૧-૨૦૨૧, ઉ.વ.૬૭

સાંસારિક ફરજોનું વહન કરનારા અને સંતાનોનું સુસંસ્કારી જીવન ઘડનારા,
કર્તવ્ય નિષ્ઠ, સહુ પ્રત્યે પ્રેમની લાગણી દર્શાવનારા, ધર્માનુરાગી, પરોપકારી, સેવાભાવી
કુટુંબ ને માટે પ્રેરણાના આધાર સ્તંભ, જેમણે જીવનના વિસામા રૂપ મૃત્યુને મંગલમય બનાવ્યો
એવા પુનિત આત્માને પરમાત્મા પરમ શાંતિ આપી શીઘ્રાતિશીઘ્ર મોક્ષગતિમાં સ્થાન આપે એ જ પ્રાંજલ પ્રાર્થના.

| | | | |
|---|---|---|---|
| દાદા-દાદી | : | માતુશ્રી રાણબાઈ દેવરાજ રાંભીયા | રામાણીયા |
| માતા-પિતા | : | માતુશ્રી લક્ષ્મીબેન રવજી રાંભીયા | રામાણીયા |
| સાસુ-સસરા | : | માતુશ્રી ખીમઈબાઈ નાગજી છેડા | ગોધરા |
| નાની-નાના | : | માતુશ્રી જેવુબાઈ મોમાયા ચાંપશી દેઢિયા | કાંડાગરા |
| નાનાઈ સાસુ-સસરા | : | માતુશ્રી ગાંગબાઈ પુનશી મામણીયા | મોટા લાયજા |
| ધર્મપત્ની | : | શ્રીમતી રંજનબેન કલ્યાણજી રાંભીયા | રામાણીયા |

**પુત્ર-પુત્રવધુ**
હેતલ પારસ રાંભીયા — રામાણીયા
વૃતિકા ધવલ રાંભીયા — રામાણીયા

**પુત્રી-જમાઈ**
બિજલ દિલીપ અજીત મોતા — ભુજપુર

**પૌત્ર**
હેનિત પારસ રાંભીયા — રામાણીયા

**પૌત્રી**
દીયા પારસ રાંભીયા — રામાણીયા
વિઆના ધવલ રાંભીયા — રામાણીયા

**દોહિત્ર**
પ્રથમ દિલીપ અજીત મોતા — ભુજપુર

**ભાઈ-ભાભી**
સરલા (દમયંતી) શાંતિલાલ રાંભીયા — રામાણીયા
પૂનમબેન કિશોર રાંભીયા — રામાણીયા
જશાબેન મહેન્દ્ર રાંભીયા — રામાણીયા

**ભત્રીજા-ભત્રીજા વહુ**
સુજલ પવન કિશોર રાંભીયા — રામાણીયા
શ્વેતા હાર્દિક મહેન્દ્ર રાંભીયા — રામાણીયા

**ભત્રીજી-ભત્રીજી વર**
નીતા શાંતિલાલ રાંભીયા — રામાણીયા
શીલી શાંતિલાલ રાંભીયા — રામાણીયા
ઈશા ભાવેશ ગાલા — દેવપુર
હેતલ ઉમેશ ગડા — મોટી રાયણ
રીયા કિશોર રાંભીયા — રામાણીયા

**ભાવિ ભત્રીજી વર**
ભાર્ગેશ શશીકાંત વાઘેલા — અમદાવાદ

**કાકા-કાકી**
પાનબાઈ ચાંપશી દેવરાજ રાંભીયા — રામાણીયા

**ફુઈ-ફુઆ**
કાનબાઈ વેલજી કોરશી સાવલા — નાની તુંબડી

**કાકાઈ ભાઈ-ભાભી**
રંજનબેન નેમચંદ રાંભીયા — રામાણીયા
કુસુમબેન પ્રવિણ રાંભીયા — રામાણીયા
મીના પ્રદિપ રાંભીયા — રામાણીયા

**કાકાઈ બેન-બનેવી**
રમીલા સુરેશ કલ્યાણજી ગડા — મોટા લાયજા

**ફુઈયાઈ ભાઈ-ભાભી**
કલ્યાણજી વેલજી સાવલા — નાની તુંબડી
પુષ્પાબેન રામજી સાવલા — નાની તુંબડી
ચંચળબેન દામજી સાવલા — નાની તુંબડી
પ્રભાબેન કાંતિલાલ સાવલા — નાની તુંબડી

**ફુઈયાઈ બેન-બનેવી**
કેસરબેન (બચુબેન) કલ્યાણજી ગંગર — મોટી ખાખર
ચંચળબેન નવીન ગડા — બાડા
કસ્તુરબેન શાંતિલાલ છેડા — નાના ભાડીયા

**મામા-મામી**
વેલબાઈ ઉમરશી મોમાયા દેઢિયા — કાંડાગરા

**મામાઈ બેન-બનેવી**
રાણબાઈ શામજી રાંભીયા — રામાણીયા
પાનબાઈ રણશી છેડા — દેશલપુર

**સાળા-સાળાવેલી**
કુસુમબેન દેવચંદ છેડા — ગોધરા
લક્ષ્મીબેન લક્ષ્મીચંદ છેડા — ગોધરા

**સાળા**
શાંતિલાલ નાગજી છેડા — ગોધરા

**સાળી-સાઢુભાઈ**
સંધ્યાબેન વ્રજલાલ વીરજી મોતા — ભુજપુર

**સાળા પુત્ર-પુત્રવધુ**
ભાવિકા અભય દેવચંદ છેડા — ગોધરા
વિદ્યા પ્રતિક લક્ષ્મીચંદ છેડા — ગોધરા
જતિન દેવચંદ છેડા — ગોધરા
હર્ષ લક્ષ્મીચંદ છેડા — ગોધરા

**સાળા પુત્રી-જમાઈ**
ભાવિની અતુલ જીવરાજ નિસર — થોરીયારી

**સાળી પુત્ર-પુત્રવધુ**
હેતલ પિયુષ મોતા — ભુજપુર

**સાળી પુત્રી-જમાઈ**
અલ્પા અશોક ગાંગજી ગાલા — દેવપુર
પ્રીતિ પંકજ મણીલાલ દેઢિયા — ભુજપુર

**કાકાઈ સાસુ-સસરા**
ખેતબાઈ મેઘજી માંઈયા છેડા — ગોધરા
પાનબાઈ પુનશી માંઈયા છેડા — ગોધરા

**ફુઈયાઈ સાસુ-સસરા**
વેજબાઈ માંઈયા લાડણ છેડા — ગોધરા

**કાકાઈ સાળા-સાળાવેલી**
કસ્તુર પદમશી છેડા — ગોધરા
પુષ્પાબેન ભાઈલાલ છેડા — ગોધરા
ભારતી ધીરજ છેડા — ગોધરા
કાંતિલાલ મેઘજી છેડા — ગોધરા

**કાકાઈ સાળી- સાઢુભાઈ**
સુશીલાબેન ખીમજી ગડા — મોટા લાયજા
ઈન્દુબેન ભરત ગડા — બાડા
વનીતાબેન અમૃત નંદુ — વાંઢ
દેવકાંબેન લખમશી દેઢિયા — મેરાઉ
સાકરબેન દેવજી દેઢિયા — મેરાઉ

**મામાઈ સાસુ-સસરા**
રતનબેન વેલજી પુનશી મામણીયા — મોટા લાયજા

**માસીયાઈ સાસુ-સસરા**
પુરબાઈ મણશી ચાંપશી રાંભીયા — ગોધરા

**વેવાણ-વેવાઈ**
અમૃતબેન અજીત શામજી મોતા — ભુજપુર
ભાવનાબેન નરેશ પ્રેમજી ગાલા — મોટા આસંબીયા
હંસાબેન પંકજ કાંતિલાલ દેઢિયા — ભુજપુર

**પરમ સ્નેહી**
ડૉ.ધીરેન શાંતિલાલ શાહ રામાણીયા-અમદાવાદ
જયંતિભાઈ, તલકભાઈ, રમેશભાઈ ગંગર — ગોધરા-સાંતાક્રુઝ
ઝવેરચંદ લાલજી છેડા મોટા લાયજા-અમદાવાદ
ધીરજલાલ ખીમજી રાંભીયા નાગલપુર-વડોદરા
મુકેશ મુરજી છેડા — રામાણીયા-ભુજ
નવીન સોજપાર સાવલા — રામાણીયા-મુલુંડ
કાંતિલાલ દેવરાજ ગાલા — રામાણીયા-ચેંબુર
શ્રી રામાણીયા જૈન મહાજન મુંબઈ — ટ્રસ્ટીગણ-કારોબારી સભ્યો
શ્રી રામાણીયા દેરાવાસી જૈન સંઘ — ટ્રસ્ટીગણ-કારોબારી સભ્યો
શ્રી રામાણીયા સચ્ચામાતા ભાવિક સંઘ — ટ્રસ્ટીગણ-કારોબારી સભ્યો
શ્રી કચ્છી જૈન સેવા સમાજ અમદાવાદ — ટ્રસ્ટીગણ-કારોબારી સભ્યો
શ્રી અચલગચ્છ જૈન સંઘ અમદાવાદ — ટ્રસ્ટીગણ-કારોબારી સભ્યો
માટુંગા બોર્ડિંગ આધવિદ્યાર્થી મિત્ર મંડળ
સનરાઈઝ એપાર્ટમેન્ટ — રામાણીયા
પારસના સર્વે મિત્રો
ધવલના સર્વે મિત્રો

**વર્તમાન પરિસ્થિતિને અનુસરી પ્રાર્થના સભા રાખેલ નથી**

સદ્ગત આત્માની શાંતિ અર્થે બાર નવકાર ગણવા. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

ઉપરોક્ત સંબંધીઓના નામમાં કોઈનું નામ રહી ગયું હોય કે ભૂલચૂક થઈ હોય તો મિચ્છામી દુક્કડમ

નિવાસ : કલ્યાણજી રવજી રાંભીયા
૨૫, ફ્રેન્ડઝ સોસાયટી, જવાહરચોક,
સાબરમતી, અમદાવાદ, ૩૮૦૦૦૫

રંજનબેન - 9624258558
પારસ - 9375022555
ધવલ - 7788992233
દિલીપ - 9821184687
બિજલ - 9702557778

**ફોરચ્યુન સર્જીકલ્સ - અમદાવાદ**

(CLA-10968)
NEEL PARI - 9322299742

# શ્રી કાંદીવલી અચલગચ્છ જૈન સંઘ

## ચાતુર્માસ પૂર્ણાહૂતિનો પ્રસંગ ભારી
## ત્રિ-દિવસીય મહોત્સવે કરશું મંગલકારી

અચલગચ્છાધિપતી શ્રીના આજ્ઞાવર્તી પ.પૂ. તત્વપ્રજ્ઞાશ્રીજી મ.સા.ના પ્ર.શિષ્યા પ.પૂ. નયદર્શનાશ્રીજી મ.સા. આદિ ઠાણા-૩ની પાવનીય નિશ્રામાં ચાર મહિના આરાધનાઓથી મઘમઘતુ ચાતુર્માસ પૂર્ણાહૂતિના આરે પહોંચ્યું છે. ત્યારે શ્રી સંઘે તેની અનુમોદનાર્થે તેમજ સંઘના પરમઉપકારી પ.પૂ. પૂણ્યોદયશ્રીજી મ.સા.ની ૨૧મી પૂણ્યતિથીના ઉપલક્ષે ત્રિ દિવસીય કાર્યક્રમ રાખેલ છે.

તા. ૧૫/૧૧/૨૧, મંગળવાર, ભક્તામર અનુષ્ઠાન, ટા. ૯ થી ૧૧.૩૦ શ્રી સંઘતરફથી

તા. ૧૭/૧૧/૨૧, બુધવાર, શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ અભિષેક, ટા. ૯ થી ૧૧.૩૦
લાભાર્થી : માતુશ્રી રૂક્ષ્મણીબેન ચુનીલાલ ગડા : નાગલપુર

તા. ૧૮/૧૧/૨૧, ગુરુવાર, શ્રી સિદ્ધાચલના ૧૦૮ ખમાસમણા
પ્રભાવના ભાતુ : જ્યોત્સનાબેન પ્રદીપ છેડા-ગોધરા, અ.સૌ. રૂચી મિગેશ છેડા-બિદડા

૨૧મી પુણ્યતિથીએ કાંદીવલી સંઘની વંદના હજારી વરસાવતા રહેજો સદા આશિષ અમારી...

સંઘના પરમ ઉપકારી પૂ.સા. શ્રી પુણ્યોદયશ્રીજી મ.સા.ની પુણ્યતિથીએ
તા. ૧૬/૧૭/૧૮ નવેમ્બર, કારતક સુદ-૧૩-૧૪ પુનમના અઠ્ઠમ તપ કરવા વિનંતી છે.

ગુરુજી કરશે વિહાર ઉપાશ્રય થાશે સુનકાર
તા. ૧૯/૧૧/૨૧ના પૂજ્યશ્રીનું ચાતુર્માસ પરિવર્તનના લાભાર્થી પરિવાર
માતુશ્રી કસ્તુરબેન દેવરાજ ગડા પરિવાર - રાયધણજાર
માતુશ્રી મંજુલાબેન હીરજી સાવલા પરિવાર-કરાડી
હ. સ્મીતા પ્રફુલ ગડાના ગૃહે મહાવીર નગર (કાંદીવલી)માં થશે.

સકળ સંઘે પધારવા પ્રેમળ નિમંત્રણ
સાહેબજી કાંદીવલી ઉપાશ્રયથી ગોરેગામ તરફ બીજ
(તા. ૨૦-૧૧-૨૦૨૧) ના વિહાર કરશે.

લી. મંત્રીઓ

(*845) K.V.O. - P - 8104209392

# ભાઈબંધને ભીનીભીની શ્રધ્ધાંજલી



ગામ
રામાણીયા

હાલે
અમદાવાદ

## કલ્યાણજી રવજી રાંભીયા

તા.: ૧૨-૧૧-૨૦૨૧

જીવનયાત્રામાં શુન્યમાંથી સર્જન કર્યું,
સંબંધોમાં વિશ્વાસ વાત્સલ્ય અને સ્નેહ જોડ્યું
સંઘ સમાજના સત્કાર્યમાં જીવનને જોડ્યું,
મિત્રો સાથેનો અનમોલ સંબંધ નિભાવ્યો યશનામ તથા ગુણ..
જીવનમાં કલ્યાણકારી કાર્યો કરીને 'કલ્યાણજી' નામને સાર્થક કર્યું.
લોહીના સંબંધ ભાઇ સાથે હોય અને લોહીથી વિશેષ સંબંધ
ભાઇબંધના હોય એવા પારીવારીક સંબંધમાં જોડાયેલ
કલ્યાણજીભાઇને ભીની આંખે શ્રધ્ધાંજલી.

લિ.
માતૃશ્રી વેલબાઇ નાનજી ગંગર
શ્રીમતી હેમલતા અને જયંતીલાલ ગંગર
શ્રીમતી હિના અને તલકચંદ ગંગર
શ્રીમતી કલ્પના અને રમેશ ગંગર
સમસ્ત ગંગર પરીવાર ગોધરા-સાંતાક્રુઝ (વે.)

(CLC-10949) K.V.O. - AP - 8104209392

॥ શ્રી પદમપ્રભુ સ્વામી નમો નમઃ ॥

# શ્રી ક.વિ.ઓ. અચલગચ્છ જૈન સંઘ-ભાંડુપ

## ભાંડુપ નગરે પધાર્યા ઘર ઘર ભગવાન...તેમજ શ્રી ઉવસગ્ગહરં લબ્ધિ કળશનું થયુ આહ્‌વાન...

પરમકૃપાળુ પરમાત્માની અસીમ કૃપાથી પ.પૂ.આચાર્ય ભગવંતોની દિવ્ય કૃપાથી પ.પૂ. શ્રી સર્વોદયસાગરજી મ.સા.ના દિવ્ય આશિષથી, પ.પૂ.યોગસાધક મુનિ શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. ના પરમ આશીષથી, પ.પૂ. ઓજસ્વી પ્રવચનકાર શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ના શુભ આશિષથી તેમની નિશ્રામાં ભાંડુપ નગરે ઘરે ઘરે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથદાદા તેમજશ્રી ઉવસગ્ગહરં પાર્શ્વ લબ્ધિ કળશની પધરામણી થઈ.

દરરોજ ઉમંગ અને ઉત્સાહ વધતા વધતા ૫૪ દિવસ બાદ આ અનુષ્ઠાન આનંદના ઉમળકે પૂર્ણ થયો. દરરોજ ઉછળતા ભાવે સંઘ, સમાજ, મહાજન, સગાં-સંબધીઓ, સ્નેહીઓ, મિત્ર, આડોશી, પાડોશી, લાભાર્થી પરિવારના ઘરે અનેકવિધ ઉવસગ્ગહરં ના અસંખ્ય જાપો કર્યા છે.

શ્રી પાર્શ્વનાથદાદા તેમજ લબ્ધિ કળશનો
કાયમી ધોરણે ઘરે સ્થાપના કરવાનો
ઉછળતા ભાવે ચડાવો લેનાર ભાગ્યશાળી પરિવાર
માતુશ્રી ઝવેરબેન મહેશભાઈ ગડા
(સાભરાઈ)
કે જેમણે પોતાની લાડકવાયી દિકરી રૂપલને
નવા ગૃહ પ્રવેશમાં ધર્મચિન્હ,
ધર્મના સંભારણા, ધર્મના સંસ્કારરૂપી
આ ભગવાન અને કળશ ભેટ સ્વરૂપે
આપવાનો નિર્ણય કર્યો.



માતુશ્રી ઝવેરબેન મહેશભાઈ ગડા (સાભરાઈ)





મંગળવાર, તા. ૯-૧૧-૨૦૨૧ ને લાભ પાંચમના શુભદિને સવારના ૧૦.૩૦ વાગે
શ્રી આદિનાથ દેરાસરજી, અનંત સિધ્ધી ભાંડુપથી ગુરુભગવંતો તેમજ સંઘ સાથે વાજતે ગાજતે
માતુશ્રી ઝવેરબેન તારાચંદ વોરા (રેલડીયા મંજલ),
અ.સૌ. રૂપલબેન સંજય વોરા (ભાગ્યશાળી માતાની લાડકવાયી દીકરી)
ના ઘરે પ્રભુ તેમજ કળશની સ્થાપના કરાવી.
આ શુભ પ્રસંગના સાક્ષી બનીને
ભાંડુપ સંઘવાસીઓ તેમજ આમંત્રિત મહેમાનો ધન્ય બન્યા.

શ્રી ક.વિ.ઓ. અચલગચ્છ જૈન સંઘ-ભાંડુપ
માતુશ્રી ઝવેરબેન મહેશભાઈ ગડા (સાભરાઈ) તેમજ
માતુશ્રી ઝવેરબેન તારાચંદ વોરા (મં. રેલડીયા)
પરિવારોની ભુરી ભુરી અનુમોદના કરે છે.
સંઘ સમાજના ધાર્મિક અને સામાજીક ક્ષેત્રે આપ આજ રીતે સાથ સહકાર આપશો.
આપના પરિવારની ઉત્તરોત્તર પ્રગતિ થાય એજ શુભેચ્છા...સહ ધન્યવાદ

(*849) લિ. : શ્રી ક.વિ.ઓ. અચલગચ્છ જૈન સંઘ - ભાંડુપ

BINITA S. MARU - 9869034162

શ્રી ગોરેગામ નગરે
આવ્યા વધામણા...
દીક્ષાના અવસર
સોહામણા...




।। શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।।

।। શ્રી આર્ય-જય

# શ્રી ગોરેગામ (વેસ્ટ) અચલગચ

ન્યુ રાજેન્દ્ર પાર્ક નં.-૪, ૧લે માળે, સ્ટેશન રોડ, નાલંદા શોપીંગ સેંટરની બાજુમાં,

## શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુજીનો અંજન-પ્રતિષ્ઠા મહોત્

સર્વે
